લોન ધારકો તૈયાર રહે: જૂનથી મોંઘી થશે હોમ લોન અને EMI!

આરબીઆઈ વ્યાજદરમાં વધારો કરે તેવી પ્રબળ સંભાવના; સ્ટાન્ડર્ડ ચાર્ટર્ડના અર્થશાસ્ત્રીઓએ આપ્યા સંકેત

નવી દિલ્હી, તા. 21: આવતા મહિને યોજાનારી મોનેટરી પોલિસી કમિટીની બેઠકમાં મોટા નિર્ણયો લેવામાં આવી શકે છે. રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયા વ્યાજદરમાં વધારો કરે તેવી પ્રબળ સંભાવના છે. વ્યાજદર એટલે કે રેપોરેટમાં વધારો થઈ શકે છે, એવો સ્ટાન્ડર્ડ ચાર્ટર્ડના અર્થતંત્રીઓએ આવો અંદાજ લગાવ્યો છે.

રેપો રેટમાં વધારાનો સીધો અર્થ એ ચે કે હોમ લોન મોંઘી થઈ જશે અને ફ્લોટીંગ રેટ લોન લેનારાઓની ઈએમઆઈ પણ વધી શકે છે. રેપો રેટ ઘટતા ફ્લોટીંગ રેટમાં લોન લેતી લોનની ઈએમઆઇ વધઘટ થાય છે. જોકે, નિશ્ચિત દરે લોન લેનારાઓની ઈએમઆઈમાં કોઇ ફેરફાર કરવામાં આવ્યો નથી.

સ્ટાન્ડર્ડ ચાર્ટર્ડના અર્થશાસ્ત્રીઓએ જણાવ્યું હતું કે, ક્રુડ ઓઈલના વધતા ભાવને કારણે ફુગાવાનું જોખમ વધતું હોવાથી ભારતની મધ્યસ્થ બેન્ક જુનથી જ વ્યાજદરમાં વધારો કરવાનું શરૂ કરી શકે છે. હાલમાં રેપો રેટ 5.25 ટકા છે. એટલે કે કેન્દ્રીય બેન્ક હાલમાં અન્ય બેન્કોને પણ આ જ દરે વ્યાજ આપી રહી છે.

સ્ટાન્ડર્ડ ચાર્ટર્ડના ભારત સ્થિત અર્થશાસ્ત્રી અનુભવી સહાય અને સૌરવ આનંદે એક નોંધમાં જણાવ્યું હતું કે વૈશ્વિક યીલ્ડમાં વધારો અને અન્ય એશિયન સેન્ટ્રલ બેન્કો દ્વારા રેટ વધારાને કારણે પોલિસી રેટમાં વધારો થઈ શકે છે. રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાની રેટ સેટિંગ કમિટી 5 જૂને તેના દરો અંગે નિર્ણય લેવાની છે. ઈરાન યુદ્ધની શરૂઆત પછી સમિતિની આ બીજી બેઠક હશે. ગયા મહિને, આરબીઆઈએ કહ્યું હતું કે તે આ સંઘર્ષને કારણે થતા વિક્ષેપોના સમયગાળા અને તેની અસર પર નજર રાખશે. ભારતના રાતોરાત ઈન્ડેક્સ સ્વેપ આગામી 12 મહિનામાં દરોમાં 125 બેસિસ પોઈન્ટના વધારાનો અંદાજ લગાવી રહ્યો છે. ભારતનો રૂપિયો હાલમાં 96ની ઉપર કારોબાર કરી રહ્યો છે. થોડા દિવસો પહેલા તે 96.970ની ઓલટાઈમ નીચી સપાટીએ પહોંચ્યો હતો. આરબીઆઇ હવે ઘટતા રૂપિયાને બચાવવા માટે કડક પગલાં લઈ શકે છે. સમાચાર એજન્સી રોઈટર્સના અહેવાલ અનુસાર, ત્રણ બેન્કરોએ જણાવ્યું હતું કે રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાએ બજાર ખુલતા પહેલા જાહેર ક્ષેત્રની બેંકો દ્વારા મોટી માત્રામાં ડોલર વેચીને રૂપિયાના સતત ઘટાડાને રોકવાનો પ્રયાસ કર્યો હતો. આરબીઆઇ રૂપિયાને બચાવવા માટે મજબૂતીથી કામ કરી રહી છે. આવી સ્થિતિમાં તે 3થી 5 જૂન વચ્ચે યોજાનારી મોનેટરી પોલિસી મીટિંગમાં રેપો રેટમાં વધારો કરી શકે છે.

પંજાબ નૈશનલ બૈંક ...भरोसे का प्रतीक ! punjab national bank ...the name you can BANK upon !

સર્કલ ઓફિસ : તુલસી કૃપા આર્કેડ (ચોથો માળ) આઈ માતા ચોક, સુરત, બારડોલી રોડ,સુરત – ૩૯૫૦૧૦ ફોન : ૦૨૬૧–૨૭૦૧૦૨૦ ૨૧/૨૨, મો : ૮૬૦૨૧૬૬૨૬૮ email : cosuratsamd@pnb.bank.in

સ્થાયી મિલકતની ઈ–હરાજીથી વેચાણ અંગેની જાહેર નોટીસ

ઈ–હરાજી તા.૨૩.૦૬.૨૦૨૬ (સવારે ૧૧.૦૦ થી સાંજે ૪.૦૦ વાગ્યા સુધી) । નિરીક્ષણ તા.૧૬.૦૬.૨૦૨૬ સુધી કામકાજના દિવસોમાં (સવારે ૧૧.૦૦ થી સાંજે ૪.૦૦ વાગ્યા સુધી) ઈ–હરાજીના સમય સુધીમાં ઈએમડી જમા કરાવવી જોઈએ

નં.	શાખાનું નામ / ખાતાનું નામ / દેવાદાર/ જામીનદારોનું નામ અને સરનામું	સુરક્ષિત કરેલ મિલકતની વિગત — ગીરવે મુકેલ સ્થાયી મિલકતની વિગત અને માલિકનું નામ (મિલકતના ગીરવેદારો)	અ) સરફેસી એક્ટ ૨૦૦૨ની કલમ ૧૩(૨) હેઠળ માંગણા નોટીસની તારીખ / બ) સરફેસી એક્ટ ૨૦૦૨ ની કલમ ૧૩(૨) હેઠળ નોટીસ ની તારીખે બાકી રકમ વધારાનું વ્યાજ + ચાર્જીસ / ક) સરફેસી એક્ટ ૨૦૦૨ની કલમ ૧૩(૪) હેઠળ લીધેલ કબજાની તારીખ / ડ) કબજાનો પ્રકાર સાંકેતિક/પ્રત્યક્ષ/રચનાત્મક	અ) અનામત કિંમત / બ) ઈએમડી / ક) બોલી વધારાની રકમ (રૂા.લાખમાં)	સુરક્ષિત લેણદારની જાણમાં હોય તેવા અન્ય બાકીની વિગત / Property ID :
૨૬	**પીએનબી : સેલવાસ (૧૧૭૩૧૦)** **શ્રી જયેશ કિશોરભાઈ ભાનુશાળી(દેવાદાર)** સરનામુ : પ્રમુખ હીલ્સ 'બી–ટાવર' ૧૦૦૩, છરવાડા, હરીયા હોસ્પીટલ, વલસાડ, વાપી–૩૯૬૧૯૧ **શ્રી જીગર લીલાધર ભાનુશાળી (જામીનદાર)** સરનામુ : ૭૦૩, સેવન ઝેવેલર્સ, ભાવસાર પેટ્રોલ પંપ પાસે, વાપી, વલસાડ–૩૯૬૧૯૧.	તમામ ભાગ અને હિસ્સો ધરાવતી સ્થાયી મિલકત સાંઈ દર્શન નામની બિલ્ડીંગના ૫માં માળનો ફલેટ નં.૫૦૮ જેનુ આશરે માપ ૧૦૧૦.૦૦ ચો.ફુટ એટલે કે ૯૩.૮૬ ચો.મી. સુપર બિલ્ટ અપ એરીયા વણવહેંચાયેલ હિસ્સા સહિતનું આશરે ૧૦.૦૦ ચો.મી.ના બાંધકામ ગામતળની જમીન આશરે માપ ૯૭૫.૦૦ ચો.મી. મોજે ગામ વલવાડા, તા.ઉમરગામ, જી.વલસાડ, ગુજરાત ખાતે આવેલ છે. **ગીરવેદારનું નામ શ્રી જયેશ કિશોરભાઈ ભાનુશાળી**	અ) ૦૫.૦૧.૨૦૧૮ બ) **રૂા.૧૭,૬૪,૯૦૪.૦૦** + વધારાનું વ્યાજ + ચાર્જીસ ક) ૨૦.૦૫.૨૦૨૨ ડ) પ્રત્યક્ષ કબજો	અ) રૂા.૧૫.૧૫ બ) રૂા.૧.૫૧૫ ક) રૂા.૦.૧૫	જાણમાં નથી PUNB 208620 JAYESH
૨૭	**પીએનબી : હજીરા (૧૩૩૬૧૦)** **શ્રી પટેલ બાબુભાઈ છગનભાઈ (દેવાદાર)** અને **શ્રીમતી પટેલ મંજુલાબેન બાબુભાઈ (સહ દેવાદાર)** સરનામુ : ૩૧૩, ખેડા ફળીયુ, ઉચવન ગામ દાહોદ, દેવગઢબારીયા દાહોદ સીટી દાહોદ, ગુજરાત રાજય – ૩૮૯૩૮૦ (દેવાદાર) અને : ૪૨૯ પટેલ ફળીયુ ગ્રામ પંચાયત નજીક, હજીરા રોડ, કવાસ ગામ કવાસ, સુરત – ૩૯૪૫૧૦	તમામ ભાગ અને હિસ્સો ધરાવતી સ્થાયી મિલકત કે જે શિવંતા હોમ્સ–૧ નો પ્લોટ નં. ૮૦, મંજુર થયેલ પ્લાનનુ માપ ૪૦.૧૮ ચો.મીટર, એટલે કે માપ ૪૮.૦૦ ચો.વાર ચો.મીટર, સી.ઓ.પી. અને રોડ ના વણવહેંચાયેલ હિસ્સા સહિત, રે.સ.નં. ૪૧૯, ૪૨૦ ૪૨૩, ૪૨૪, બ્લોક નં. ૪૫૦, ગામ : ઉમરાખ, તા: બારડોલી, જી. સુરત આવેલ છે. જેની ચતુર્દિશા : **પૂર્વ તરફ** : પ્લોટ નં.૯૩, **પશ્ચિમ તરફ** : સોસાયટી રોડ, **ઉત્તર તરફ** : પ્લોટ નં.૭૯, **દક્ષિણ તરફ** : પ્લોટ નં.૮૧ આવેલ છે. **ગીરવેદાર નું નામઃ શ્રી પટેલ બાબુભાઈ છગનભાઈ અને શ્રીમતી પટેલ મંજુલાબેન બાબુભાઈ**	અ) ૩૦.૦૧.૨૦૨૫ બ) રૂા. ૯,૦૪,૫૩૮.૯૩ + વધારાનું વ્યાજ + તેના પરના ખર્ચાઓ ક) ૦૧.૦૯.૨૦૨૫ ડ) પ્રત્યક્ષ કબજો	અ) રૂા.૦૭.૭૩ બ) રૂા.૦.૭૭૩ ક) રૂા.૦.૧૦	જાણમાં નથી PUNB 133610 PATE01
૨૮	**પીએનબી : નવસારી ગણદેવી રોડ (૧૫૬૬૨૦)** **શ્રીમતી પ્રભાવતીબેન મનજીભાઈ ગામીત (દેવાદાર)** અને **શ્રી સંદિપ ભરતકુમાર દેસાઈ (જામીનદાર)** **(દેવાદાર)** સરનામું : ફલેટ નં. એ–૧/૧૦૨, ૧લા માળ નો આશાપુરી કો. ઓ હાઉસીંગ. સોસાયટી લીમીટેડ., ગુજરાત હાઉસીંગ કોલોની સામે, ભક્તિ નગર સોસાયટી નજીક, વિજલપોર રોડ, મોજે વિજલપોર, તા. જલાલપોર, જી. નવસારી. **તે પ્રમાણે** : ૨૩૮, સરદાર પટેલ ટાઉનશીપ વિજલપોર, નવસારી– ૩૯૬૪૪૫. **તે પ્રમાણે** : ૧૨, કમલાપુર, વેદદેખુદ્રા વડદે ખુરદ, તા. ઉચ્છલ, જી. તાપી– ૩૯૪૩૭૫ **(જામીનદાર)** સરનામું : મીરા નગર તા. નવસારી, જી.નવસારી – ૩૯૬૪૪૫	મિલકત કે જે શ્રી આશાપુરી કો.ઓ.હાઉસીંગ સોસાયટી લીમીટેડ,નો આશાપુરી એપાર્ટમેન્ટ નં. એ–૧, નો ફલેટ નં. ૧૦૨, માપ ૩૬૦ ચો.ફુટ એટલે ૩૩.૩૪ ચો.મીટર રેવન્યુ સર્વે નં. ૨૧૭, ૨૧૮, ૨૧૯, પૈકી પ્લોટ નં. ૧૮ થી ૨૫ અને ૨૭ તેની પર બાંધકામ થયેલ વિજલપોર નગરપાલીકા વોર્ડ નં. ૨, ઘર નં. ૪૮૯/૦, વિજલપોર, તા. જલાલપોર, જી.નવસારી ખાતે આવેલ છે. **જેની ચતુર્દિશા** : **પૂર્વે**–બિલ્ડીંગ નં. બી–૧, **પશ્ચિમે**–એ–૧ ફલેટ નં. ૧૦૩, **ઉત્તરે**–એ–૧ ફલેટ નં. ૧૦૧, **દક્ષિણે**–આંતરીક રોડ આવેલ છે. **ગીરવેદાર નું નામ શ્રીમતી પ્રભાવતીબેન મનજીભાઈ ગામીત.**	અ) ૧૯.૦૧.૨૦૨૩ બ) રૂા.૫,૫૬,૯૮૯.૦૦ + વધારાનું વ્યાજ + ચાર્જીસ ક) ૧૪.૦૨.૨૦૨૬ ડ) પ્રત્યક્ષ કબજો	અ) રૂા.૦૩.૨૪ બ) રૂા.૦.૩૨૪ ક) રૂા.૦.૦૫	જાણમાં નથી PUNB 156620 PRAB01
૨૯	**પીએનબી : નવસારી, ગણદેવી રોડ (૧૫૬૬૨૦)** **ધર્મેશ અર્જુનભાઈ ડોડીયા (દેવાદાર)** સરનામું: ૬, મીલકામદાર સોસાયટી, જલાલપોર રોડ, ગૌરીશંકર મહોલ્લો, નવસારી, તા. જલાલપોર, જી. નવસારી– ૩૯૬૪૨૧.	શ્રી બાલાજી રેસીડન્સી નામની બિલ્ડીંગ ના ૨જા માળનો ફલેટ નં.૨૦૫ જેનું સુપર બિલ્ટઅપ એરીયા માપ ૬૪૭.૦૦ ચો.ફુટ યાને કે ૬૦.૧૩ ચો.મી. અને બિલ્ટઅપ એરીયા માપ ૩૯૦ ચો.ફુટ યાને કે ૩૬.૨૪ ચો.મી. અને ૯.૩૧ ચો.મી. જમીનના વણવહેંચાયેલ હિસ્સા સહિત મિલકત તા. જલાલપોર, અને જી.નવસારી, રેવન્યુ સર્વે નં.૩૮૨ પૈકી ટીકકા નં.૨૯, માપ ૩૨૦૦ ચો.ફુટ યાને કે ૨૯૭.૯૨ ચો.મી. વાળી જમીન ઉપર બાંધવામાં આવેલ છે. જેંની ચતુર્દિશા : **પૂર્વ તરફ** : ફલેટ નં.૨૦૬, **પશ્ચિમ તરફ** : જગ્યા છોડીને રોડ, **ઉત્તર તરફ** : ફલેટ નં.૨૦૪, **દક્ષિણ તરફ** : ખુલ્લી જગ્યા આવેલ છે.ગીરવેદાર : **ધર્મેશ અર્જુનભાઈ ડોડીયા**	અ) ૧૪.૦૫.૨૦૨૪ બ) રૂા. ૭,૫૪,૪૨૪.૬૯ + વધારાનું વ્યાજ + ચાર્જીસ ક) ૦૮.૦૬.૨૦૨૫ ડ) પ્રત્યક્ષ કબજો	અ) રૂા.૦૬.૩૮ બ) રૂા.૦.૬૩૮ ક) રૂા.૦.૧૦	જાણમાં નથી PUNB 156620 DHAR01
૩૦	**પીએનબી : નવસારી, ગણદેવી રોડ (૧૫૬૬૨૦)** **શ્રી દિવ્યેશકુમાર જસમતભાઈ ખાનપરા (દેવાદાર)** અને **શ્રીમતી સવિતાબેન જસમતભાઈ ખાનપરા (સહદેવાદાર)** (દેવાદાર)નું સરનામુ : ફલેટ નં. સી–૨૦૪, શિવાલય કોમ્પ્લેક્ષ સી વિંગ, વિજલપોર ફાટક નજીક, તા. જલાલપોર, જી. નવસારી– ૩૯૬૪૪૫ અને : ૧૫૫–બી, સરસ્વતી નગર, વિજલપોર, તા. જલાલપોર, જી. નવસારી– ૩૯૬૪૪૫ (ગુજરાત)	મ્યુનિસિપલ હાઉસ નં. ૫/૧૨૧૭/૬૭ ના 'શિવાલય કોમ્પલેક્ષ–સી–વીંગ'ના ૨જા માળનો ફલેટ નં.સી/૨૦૪ જેનું સુપર બિલ્ટઅપ એરીયા માપ ૭૦૯ ચો.ફુટ એટલે ૬૫.૮૯ ચો.મી. (કારપેટ એરિયા માપ ૪૬૧ ચો.મી એટલે ૪૨.૮૪ ચો.મી) રેવન્યુ સર્વે નં.૨૫૭/૩–એ/૧–એ/ પૈકી૧ વિજલપોર, તા. જલાલપોર, જી.નવસારી ખાતે આવેલ છે. જેંની ચતુર્દિશા : **પૂર્વ તરફ** : માંજીનની જગ્યા, **પશ્ચિમ તરફ** : સાથેનો ફ્લેટ નં. સી–૨૦૧, **ઉત્તર તરફ** : સાથેનો ફ્લેટ નં.સી–૨૦૩, **દક્ષિણ તરફ** : માંજીનની જગ્યા આવેલ છે.**ગીરવેદાર : શ્રીમતી સવિતાબેન જસમતભાઈ ખાનપરા અને શ્રી દિવ્યેશકુમાર જસમતભાઈ ખાનપરા**	અ) ૦૬.૦૧.૨૦૨૬ બ) રૂા. ૪,૪૪,૭૬૬.૦૦ + વધારાનું વ્યાજ + ચાર્જીસ ક) ૨૮.૦૩.૨૦૨૬ ડ) સાંકેતિક કબજો	અ) રૂા.૦૯.૫૮ બ) રૂા.૦.૯૫૮ ક) રૂા.૦.૧૦	જાણમાં નથી PUNB 156620 DIVY01
૩૧	**પીએનબી : ઉધના રોડ, સુરત (૪૫૩૫૦૦)** **શ્રી અભિષેક ઓમપ્રકાશ પલ (દેવાદાર)** અને **શ્રીમતી સોની અભિષેક પલ (સહદેવાદાર)** **(દેવાદાર)નું સરનામુ** : ઈન્દ્રિસીયા કમીટી, ઈન્દ્ર નગર, રાણી સતી માર્ગ, જનરલ સ્ટોર પાસે, સંજય નગર, મલાડ ઈસ્ટ, મુંબઈ (એમએચ)– ૪૦૦૦૯૭ અને : રૂમ નં. ૨૯, ઈન્દ્રિસીયા સોસાયટી, સંજય નગર,ઈન્દ્ર નગર, રાણી સતી માર્ગ, મલાડ ઈસ્ટ, વીટીસી મુંબઈ, સબ–ડિસ્ટ્રીકટ.બોરીવલી, જી.મુંબઈ (એમએચ)– ૪૦૦૦૯૭ અને : ૧૫૪, આરાધના આર્ચીડ, હલધરૂ, સુરત સીટ, સુરત– ૩૯૪૩૧૦(ગુજરાત) અને : પ્લોટ નં. ૩૮, શ્રી ગોવર્ધન ડ્રિમ રેસીડેન્સી, મોજે. હલધરૂ, જી.સુરત–૩૯૪૩૦૫ (ગુજરાત) અને : રાધે ફેશન, ૬૯–૭૫, રજો માળ, ઈશ્વર નગર સોસાયટી, ડુંભાલ ફાયર સ્ટેશન નજીક, લીંબાયત, જી.સુરત–૩૯૪૨૧૦	તમામ હક, હિત અને સંબધ ધરાવતો સ્થાયી મિલકત કે જે 'શ્રી ગોવર્ધન ડ્રિમ રેસીડન્સી' તરીકે ઓળખાતી સોસાયટી નો પ્લોટ નં. ૩૮ (કેજેપી રેકોડ મુજબ બ્લોક નં. ૩૭૬/૩૮) આશરે કુલ પ્લોટ એરીયા માપ ૫૪.૭૨ ચો.વાર એટલે ૪૫.૭૫ ચો.મી વણવહેંચાયેલ પ્રમાણસર હિસ્સા સહિત રોડ, રસ્તા અને સીઓપી જેનું માપ ૨૪.૮૮ ચો.મીટર, રેવન્યુ સર્વે નં. ૨૯૩ પૈકી, જૂનો બ્લોક નં. ૩૫૩/એ રે–સર્વે મુજબ નવો બ્લોક નં. ૩૭૬ મોજે ગામ.હલધરૂ, તા. કામરેજ, જી.સુરત, ખાતે આવેલ છે. જેની ચતુર્દિશા : **પુર્વ તરફ** : જોડેની પ્લોટ નં. ૩૭, **પશ્ચિમ તરફ** : જોડેની પ્લોટ નં. ૩૯, **ઉત્તર તરફ** : જોડેની સોસાયટી રોડ, **દક્ષિણ તરફ** :જોડેની પ્લોટ નં. ૬૦ **ગીરવેદાર : શ્રી અભિષેક ઓમપ્રકાશ પલ અને શ્રી શ્રીમતી સોની અભિષેક પલ**	અ) ૧૫.૧૨.૨૦૨૫ બ) રૂા.૮,૯૫,૩૮૦.૦૦ + વધારાનું વ્યાજ + ચાર્જીસ ક) ૦૭.૦૩.૨૦૨૬ ડ) સાંકેતિક કબજો	અ) રૂા.૦૬.૦૩ બ) રૂા.૦.૬૦૩ ક) રૂા.૦.૧૦	જાણમાં નથી PUNB 453500ABHI01
૩૨	**પીએનબી : વિઆઈપી રોડ, વેસુ (૫૯૮૬૦૦)** **શ્રી સંજય નવલ પાટીલ (દેવાદાર), શ્રીમતી સુરેખાબેન સંજય પાટીલ (સહદેવાદાર) અને શ્રી બકરુ ભીકાન પાટીલ (જામીનદાર)** **(દેવાદાર)નું સરનામુ** : પ્લોટ નં. ૩૯૩, સાંઈ વાટીકા રો હાઉસ ભાગ–૦૧, મુ બગુમરા, તા.પલસાણા, જી.સુરત– ૩૯૪૩૦૫ અને : ૧૬૪, ગણપતી ધામ – ૨, નવાગામ, ડિંડોલ, સુરત–૩૯૪૨૧૦ (ગુજરાત) (જામીનદાર)નું સરનામુ : ફલોટ નં. ૧૫૨, ગાર્ડન વેલી, મુ. જોલવા, તા. પલસાણા, જી.સુરત– ૩૯૪૩૦૫. અને : ૨૦૭, સંજય નગર, લિંબાયત, સુરતસીટી, સુરત–૩૯૪૨૧૦	તમામ ભાગ અને હિસ્સો ધરાવતી સ્થાયી મિલકત કે જે **સાઈ વાટીકા રો હાઉસ નો પ્લોટ નં. ૩૯૩** (કેજેપી મુજબ બ્લોક નં ૧૯૧/૩૯૩) આશરે માપ ૫૩.૩૩ ચો.વાર બરાબર ૪૪.૫૯ ચો.મીટર,વણવહેંચાયેલ હિસ્સા સાથે સીઓપી અને રોડ આશરે માપ ૨૧.૩૫ ચો.મીટર જમીન બ્લોક નં. ૧૯૧ ભાગ–૧ (રેવન્યુ સર્વે નં. ૧૯૮, ૧૯૯, ૨૦૦ પૈકી ૨૧૩ ગામ.બગુમરા, સબ ડિસ્ટ્રીકટ. પલસાણા, જી.સુરત ખાતે આવેલ છે. જેની ચર્તુદિશા : **પુર્વ તરફ** : પ્લોટ નં. ૩૭૦, **પશ્ચિમ તરફ** : સોસાયટી નો આંતરીક રોડ, **ઉત્તર તરફ** : પ્લોટ નં. ૩૯૨, **દક્ષિણ તરફ** : પ્લોટ નં. ૩૯૪ **ગીરવેદાર : શ્રી સંજય નવલ પાટીલ**	અ) ૨૮.૧૧.૨૦૨૫ બ) રૂા.૧૩,૫૫,૦૩૫.૭૨ + વધારાનું વ્યાજ + ચાર્જીસ ક) ૨૩.૦૨.૨૦૨૬ ડ) સાંકેતિક કબજો	અ) રૂા.૧૨.૪૭ બ) રૂા.૧.૨૪૭ ક) રૂા.૦.૧૫	જાણમાં નથી PUNB0 598600 SANJAY
૩૩	**પીએનબી : મોટા વરાછા(૯૭૨૭૦૦)** **શ્રી ઘઢવી દેવકુભાઈ રામજીભાઈ (દેવાદાર) શ્રીમતી જોષનાબેન દેવકુભાઈ ઘઢવી (સહ દેવાદાર)** – સરનામું :જીર– ૧૦૨ ક્રિષ્ણા હાઉસ રંગોલી ચોકડી, વેલંજા, સુરત ગુજરાત– ૩૯૪૧૫૦ **મીલન ચંદુભાઈ દેસાઈ (જામીનદાર)** પ્લોટ નં.૨૭૦ રામ વાટીકા સોસાયટીવિભાગ–૨ રંગોલી ચોકડી નજીક, વેલંજા, સુરત, ગુજરાત–૩૯૫૦૦૮	તમામ ભાગ અને હિસ્સો ધરાવતી મિલકત કે જે **દાતાર રો હાઉસ તરીકે ઓળખાતી સોસાયટી નો પ્લોટ નં. ૨૬૭** (કેજેપી મુજબ પ્લોટ નં. ૧૯૮/૨૬૭) પ્લોટ એરીયા માપ ૧૮ ફુટસ × ૩૦ ફુટસ રેવન્યુ રેકોર્ડ માપ ૫૦.૨૩ ચો.મીટર વણવહેંચાયેલ હિસ્સા સાથે રોડ અને સીઓપી માપ ૧૬.૦૦ ચો.મીટર, બિનખેતી જમીન નો બ્લોક નં. ૧૯૮, ગામ સ્યાદલા, સબ ડિસ્ટ્રીકટ અને તા. ઓલપાડ, જી. સુરત ખાતે મિલકત ના તમામ હક અને સબંધ સાથે જોડાયેલ છે. જેની ચતુર્દિશા : **પૂર્વ તરફ** : પ્લોટ નં. ૨૬૬, **પશ્ચિમ તરફ** : પ્લોટ નં. ૨૬૮, **ઉત્તર તરફ** : સોસાયટીનો કોમન રોડ, **દક્ષિણ તરફ** : પ્લોટ નં. ૨૭૬. **ગીરવેદારનું નામ શ્રીમતી જોષનાબેન દેવકુભાઈ ઘઢવી**	અ) ૨૨.૦૫.૨૦૨૫ બ) રૂા. ૧૧,૬૬,૨૧૪.૫૯ + વધારાનું વ્યાજ + ચાર્જીસ ક) ૧૪.૧૨.૨૦૨૫ ડ) પ્રત્યક્ષ કબજો	અ) રૂા.૦૫.૯૮ બ) રૂા.૦.૫૯૮ ક) રૂા.૦.૧૦	જાણમાં નથી PUNB 972700 GADH01
૩૪	**પીએનબી : મોટા વરાછા(૯૭૨૭૦૦)** **શ્રી મિલન ચંદુભાઈ દેસાઈ (દેવાદાર) શ્રી ચંદુભાઈ ત્રીભુવનભાઈ દેસાઈ (સહદેવાદાર)** **સરનામું** – પ્લોટ નં.૨૭૦ રામ વાટીકા સોસાયટી વિભાગ–૨ રંગોલી ચોકડી, વેલંજા, સુરત, ગુજરાત– ૩૯૪૧૫૦	તમામ ભાગ અને હિસ્સો ધરાવતી મિલકત કે જે **દાતાર રો હાઉસ** તરીકે ઓળખાતી સોસાયટી નો **પ્લોટ નં. ૨૩૬** (કેજેપી મુજબ પ્લોટ નં. ૧૯૮/૨૩૬) પ્લોટ એરીયા માપ ૧૮ ફુટસ × ૩૦ ફુટસ રેવન્યુ રેકોર્ડમાપ ૫૦.૨૩ ચો.મીટર વણવહેંચાયેલ હિસ્સા સાથે રોડ અને સીઓપી માપ ૧૬.૦૦ ચો.મીટર, બિનખેતી જમીન નો બ્લોક નં. ૧૯૮, ગામ સ્યાદલા, સબ ડિસ્ટ્રીકટ અને તા. ઓલપાડ, જી. સુરત ખાતે મિલકત ના તમામ હક, અને સબંધ સાથે જોડાયેલ છે. જેની ચતુર્દિશા : **પૂર્વ તરફ** : પ્લોટ નં. ૨૩૫, **પશ્ચિમ તરફ** : પ્લોટ નં. ૨૩૭, **ઉત્તર તરફ** : સોસાયટીનો કોમન રોડ, **દક્ષિણ તરફ** : પ્લોટ નં. ૨૪૯ **ગીરવેદાર નું નામ શ્રી મિલન ચંદુભાઈ દેસાઈ**	અ) ૧૮.૦૩.૨૦૨૫ બ) રૂા. ૧૨,૨૨,૯૪૯.૩૧ + વધારાનું વ્યાજ + ચાર્જીસ ક) ૧૪.૧૨.૨૦૨૫ ડ) પ્રત્યક્ષ કબજો	અ) રૂા.૦૫.૯૮ બ) રૂા.૦.૫૯૮ ક) રૂા.૦.૧૦	જાણમાં નથી PUNB 972700 MILA01

નિયમો અને શરતો : વેચાણ સિક્યોરીટી (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ ૨૦૦૨ ના નિર્ધારિત નિયમો અને શરતો અને નીચેની વધારાની શરતોને આધીન રહેશે. **૧.** મિલકતો **'જેમ છે જ્યાં છે તેના આધારે'** અને **'જેમ છે જે છે તેના આધારે' અને 'જેમ છે ત્યાં છે તેના આધારે'** વેચવામાં આવી રહી છે. **૨.** સરક્ષિત સંપત્તિઓની વિગતો ઉપરોક્ત સૂચિમાં ઉલ્લેખિત બાબતો અધિકૃત અધિકારીની શ્રેષ્ઠ માહિતી મુજબ જણાવવામાં આવી છે, પરંતુ અધિકૃત અધિકારી આ ઘોષણામાં કોઈપણ ભૂલ, ખોટી માહિતી અથવા ભૂલ માટે જવાબદાર રહેશે નહીં **૩.** જો હરાજી કરાયેલ મિલકત સાંકેતિક કબજામાં હોય, તો મિલકતના પ્રત્યક્ષ કબજાની પ્રાપ્તિ પછી અને મિલકતના પરિસરમાં પડેલી કોઈપણ જંગમ વસ્તુઓની નિકાલ ક્ર્યા પછી જ સફળ ખરીદનારને પ્રત્યક્ષ કબજો આપવામાં આવશે. **૪.** વેચાણ નીચે સહી કરનાર દ્વારા વેબસાઈટ https://baanknet.com પર **અનુ નં. ૧ થી ૧૪ તા. ૦૮.૦૬.૨૦૨૬ , અનુ નં. ૧૫ થી ૨૪ તા. ૧૬.૦૬.૨૦૨૬ અને અનુ નં. ૨૫ થી ૩૪ તા. ૨૩.૦૬.૨૦૨૬ ના રોજ સવારે ૧૧.૦૦ થી સાંજે ૪.૦૦ વાગ્યા સુધી** કરવામાં આવશે. પૂરા પાડવામાં આવેલ ઈ–ઓક્શન પ્લેટફોર્મ દ્વારા કરવામાં આવશે. **૫.** સફળ બોલી લગાવનાર દ્વારા બેંક ને વેચાણ વિચારણાની ચુકવણી આવકવેરા અધિનિયમ ૧૯૬૧ ની કલમ 194-1A હેઠળ TDS ને આધીન રહેશે અને TDS સફળ બોલી લગાવનાર દ્વારા બાકીની ૭૫% બોલી રકમ /બોલી રકમની સંપૂર્ણ ડિપોઝિટ જમા કરાવતી વખતે જ કરવાનો રહેશે. **૬.** ખરીદનાર/ ખરીદનાર (સૌથી વધુ બોલી લગાવનાર) એ SARFAESI એક્ટ ૨૦૦૨ હેઠળ બેંક દ્વારા વેચવામાં આવેલી સ્થાવર મિલકતોના વેચાણની રકમ પર જ્યાં, લાગુ પડે ત્યાં, આવકવેરા કાયદા ૧૯૬૧ ની કલમ 1941A મુજબ TDS કાપવા અને જમા કરાવવાની જરૂર છે, જેમાં ફોર્મ નં. 26QB રજૂ કરતી વખતે, સ્થાવર મિલકતના માલિક/ગીરો (ઉધાર લેનાર/જમીનદાર)ના નામે અને પાન નંબરનો સમાવેશ થાય છે. **૭.** વેચાણની વિગતવાર શરતો અને શરતો માટે, કૃપા કરીને https://baanknet.com અને www.pnb.bank.in નો સંદર્ભ લો અથવા મો : ૮૬૦૨૧૬૬૨૬૮ પર કોલ કરો. **૮.** કાનુની પ્રક્રિયા દ્વારા પ્રત્યક્ષ કબજો મેળવ્યા પછી સાંકેતિક કબજામાં રહેલી મિલકતો સફળ બોલી લગાવનારને સોંપવામાં આવશે. **૯.** કોઈપણ કાનુની/કોર્ટ કાર્યવાહી અને/અથવા અધિકૃત અધિકારીના નિયંત્રણ બહારના કારણોસર પ્રત્યક્ષ કબજો મેળવવામાં કોઈપણ વિલંબ માટે અધિકૃત અધિકારીની જવાબદાર રહેશે નહીં.

Scan Here For Participation in E-Auction | SCAN HERE For detailed Terms & Conditions

સરફેસી એક્ટ, ૨૦૦૨ ના રૂલ ૮(૬) હેઠળ કાનુની વેચાણ નોટીસ

(આ હરાજીની સૂચનાના અંગ્રેજી સંસ્કરણ અને અન્ય કોઈપણ ભાષાના સંસ્કરણ વચ્ચે કોઈ વિસંગતતાની સ્થિતિમાં અંગ્રેજી સંસ્કરણ માન્ય રહેશે.)

તા.૨૨.૦૫.૨૦૨૬ । સ્થળ : સુરત — ચીફ મેનજર, અધિકૃત અધિકારી, પંજાબ નેશનલ બેંક, સુરક્ષિત કેડીટર

BUSINESS મિત્ર

પોઝિટિવ સંકેતો છતાં ઉપલા સ્તરેથી પ્રોફિટ બુકિંગ હાવી; રોકાણકારોની સંપત્તિ ૧.૬૪ લાખ કરોડ વધી

બજારમાં 'બેઉતરફી' જંગ: શરૂઆતી ઉછાળો નફાવસુલીમાં ધોવાયો

વાણિજ્ય પ્રતિનિધિ તરફથી

અમદાવાદ, તા. 21: નિફ્ટી વીકલી એક્સપાયરીના પગલે શેરબજારમાં બેઉતરફી વધઘટ રહી હતી. વૈશ્વિક પોઝિટિવ સંકેતોના પગલે શેરબજારમાં ગેપ અપ ઓપનીંગ થયું હતું, પરંતુ ફરીથી ઉપલા સ્તરેથી નફાવસુલીના પગલે મુડ બદલાયો હતો. નિફ્ટી વીકલી એક્સપાયરીના પગલે નફાવસુલી રહી હતી અને આરબીઆઇ દ્વારા વ્યાજદર વધારાના કાણે અમેરિકા અને ઈરાન વચ્ચેના સોદાની અપેક્ષાઓ અને પ્રારંભિક વેપારમાં રૂપિયાની મજબૂતીની અપેક્ષાઓ ઝાંખી પડી ગઈ હતી.

સેકટર વાઈઝ જોઈએ તો રિયલ્ટી સિવાયના તમામ સેકટરમાં એક ટકાથી ઓછી વધઘટ થઇ હતી. એફેમસીજી અને આઈટીએ આજે બજાર પર દબાણ લાવવાનો પ્રયાસ કર્યો હતો. જેનો નિફ્ટી ઈન્ડેકસ આજે અડધાથી વધુ ઘટ્યો હતો. લિસ્ટેડ કંપનીઓની માર્કેટ કેપમાં રૂ. 1.64 લાખ કરોડનો વધારો થયો છે.

બીએસઇ સેન્સેકસ 135.03 પોઈન્ટ એટલે કે 0.18 ટકા ઘટીને 75183.36 પોઈન્ટના સ્તરે બંધ રહ્યા હતા. આજે ઈન્ટ્રાડેમાં સેન્સેકસ 75945 પોઈન્ટ સુધી ઉછળ્યો હતો, જ્યારે 74996 પોઈન્ટ સુધી ઘટ્યો હતો. નિફ્ટી 4.30 પોઈન્ટ એટલે કે 0.02 ટકા ઘટીને 23654.70 પોઈન્ટના સ્તરે બંધ રહી હતી. આજે ઈન્ટ્રાડેમાં નિફ્ટી 23859 પોઈન્ટ સુધી ઉછળી હતી, જ્યારે નીચામાં 23596 પોઈન્ટ સુધી ઘટી હતી. બેન્ક નિફ્ટી 122.80 પોઈન્ટ એટલે કે 0.23 ટકા ઘટીને 53439.40 પોઈન્ટના સ્તરે બંધ રહ્યા હતા. બીએસઇ ખાતે ઈન્ટરનેશનલ જેમોલોજીકલમાં 9.84 ગણા, જયુબીલન્ટ ફુડવર્કસમાં 7.37 ગણા, સમ્માન કેપિટલમાં 5.66 ગણા, મહારાષ્ટ્ર સ્કુટરમાં 4.61 ગણા અને ડો. અગ્રવાલ હેલ્થકેરમાં 3.67 ગણા કામકાજ નોંધાયા છે. એનએસઇ ખાતે જેએસડબલ્યુ સિમેન્ટમાં 35.43 ગણા, હનીવેલ ઓટોમેશનમાં 34.03 ગણા, આરએચઆઇ મેગ્નેસીતામાં 26.86 ગણા, આઈઆરબી ઈન્ફ્રાસ્ટ્રકચરમાં 22.78 ગણા અને જયુબીલન્ટ ફુડવર્કસમાં 10.84 ગણા કામકાજ નોંધાયા છે.

બ્રોડર માર્કેટમાં ધીમો સુધારો જોવાયો હતો. જે ફ્રન્ટલાઇન શેરોમાં મજબૂતાઇ જોવા મળી હતી. બીએસઇ મિડકેપ ઈન્ડેક્સ 0.18 ટકા અ સ્મોલકેપ ઈન્ડેકસ 0.70 ટકા સુધર્યો હતો. જેના લીધે માર્કેટ બ્રેડથ પોઝિટિવ રહ્યો હતો. બીએસઇ ખાતે 2412 શેરો વધ્યા હતા, જ્યારે 1764 શેરો ઘ્ટયા હતા જ્યારે 203 શેરો યથાવત રહ્યા હતા.

નિફ્ટી રિયલ્ટી શેરોમાં ધીમો સુધારો જોવાયો હતો. જેમાં નિફ્ટી રિયલ્ટી ઈન્ડેક્સ 1.05 ટકાનો સુધારો જોવાયો હતો. જેમાં અનંતરાજ, ફોનીક્સ મીલ્સ, ઓબેરોય રિયલ્ટી, શોભા અને ગોદરેજ પ્રોપર્ટીઝ, ડીએલએફ, લોઢા ડેવલપર્સ સુધારા સાથે બંધ રહ્યા હતા.

વૈશ્વિક સ્તરે યુકે અને ફ્રાન્સ માટે પીએમઆઇ કમ્પોઝિટ ઈન્ડેકસ સંકોચનનો સંકેત આપ્યો હોવા છતાં યુરોપિયન બજારો સુધારા સાથે ખુલ્યા બાદ લાલ નિશાનમાં આવી ગયા છે. જ્યારે વોલસ્ટ્રીટ પર રાતોરાત લાભ હોવા છતાં મોટા ભાગના એશિયન બજારો પોઝિટિવ બંધ રહ્યા હતા. જોકે, જાપાનનો નિક્કી સુધારા સાથે બંધ રહ્યો હતો. જાપાનના વેપાર ડેટા જાહેર થયા પછી જાપાનનો નીક્કી 3 ટકાથી વધુ ઉછાળો આવ્યો હતો. સરકારી આંકડા અનુસાર, આયાત વાર્ષિક ધોરણે 9.7 ટકા વધી છે, જે અપેક્ષિત 8.3 ટકા વધારા કરતા વધઉ છે. દેશનું વેપાર સંતુલન એપ્રિલમાં ઘટીને 30.1.9 અબજ યેન થયું હતું.

યુરોપિયન બજારોમાં એફટીએસઇ 0.32 ટકા, કેક 0.50 ટકા અને ડેક્સ 0.89 ટકા ઘટાડા સાથે આગળ વધી રહ્યા છે. એશિયન બજારોમાં નીક્કી 3.14 ટકા, સ્ટ્રેઈટસ 0.02 ટકા, તાઈવાન 3.26

રૂપિયો ઘટતો અટક્યો, 64 પૈસા સુધર્યો

અમદાવાદ, તા. 21: ડોલર વધુને વધુ મજબૂત થઇ રહ્યો છે, ત્યારે ડોલરની સામે રૂપિયો વધુ નબળો પડતો અટકાવવા માટે આરબીઆઇ વ્યાજદર વધારવાનું વિચારી રહી છે, જેના લીધે પ્રત્યાઘાતી સુધારો જોવાયો હતો. આજે ડોલરની સામે રૂપિયો 64 પૈસા સુધરીને 96.19ના સ્તરે બંધ રહ્યા હતા. જ્યારે ગત સેશનમાં ડોલરની સામે રૂપિયો 96.83ના સ્તરે બંધ રહ્યા હતા. અન્ય કરન્સીઓમાં યુરો 111.86, પાઉન્ડ 130.00, કેનેડિયન ડોલર 69.71, ઓસ્ટ્રેલિયન ડોલર 68.29, જાપાનીઝ યેન 0.6046 અને સીંગાપોર ડોલર 75.15ના સ્તરે બંધ રહ્યા હતા.

ફોરેક્સ બજાર

ડોલર	96.19 રૂ.
યુરો	111.86 રૂ.
પાઉન્ડ	130.09 રૂ.
યેન	0.6046 રૂ.

સેન્સેક્સ	-135.03	75183.36
નિફ્ટી	-4.30	23654.70
બેન્ક નિફ્ટી	-122.80	53439.40

નિફ્ટી — ટોપ ગેઇનર્સ

કંપનીનું નામ	ટકાવારી	ભાવ
ગ્રાસીમ ઇન્ડ.	6.17	3154.50
ઇન્ટરગ્લોબ	3.25	4403.00
અપોલો હોસ્પિટલ	2.85	8308.50
બજાજ ઓટો	1.95	10667.00
ટ્રેન્ટ	1.72	4170.40

ટોપ લુઝર્સ

કંપનીનું નામ	ટકાવારી	ભાવ
બજાજ ફાઇનાન્સ	1.67	907.65
એચયુએલ	1.37	2179.00
ટેક મહિન્દ્રા	1.32	1420.00
ટાટા કન્ઝ્યુમર	1.14	1194.90
બજાજ ફિનસર્વ	1.12	1752.20

સેન્સેક્સ — ટોપ ગેઇનર્સ

કંપનીનું નામ	ટકાવારી	ભાવ
ઇન્ટરગ્લોબ	3.16	4398.00
ભારત ઇલે.	1.77	420.70
ટ્રેન્ટ	1.75	4170.05
અદાણી પોર્ટ્સ	1.12	1793.20
અલ્ટ્રાટેક સિમેન્ટ	0.95	11510.00

ટોપ લુઝર્સ

કંપનીનું નામ	ટકાવારી	ભાવ
બજાજ ફાઇનાન્સ	1.74	907.75
ટેક મહિન્દ્રા	1.44	1419.00
એચયુએલ	1.37	2178.80
ઇન્ફોસીસ	1.27	1181.65
બજાજ ફિનસર્વ	1.25	1750.10

જથ્થાબંધ ખાંડબજાર
પ્રતિ ક્વિન્ટલ ભાવ (રૂા.)

મહારાષ્ટ્ર	
એમ-૩૦ (ભરવાલાયક)	૪૪૦૦
એમ-૩૦	૪૩૫૦
એસ-૩૦	૪૨૫૦
ગુજરાત	
એમ-૩૦	૪૨૫૦
એસ-૩૦	૪૧૫૦

સોના-ચાંદી સુરત
(ટેક્ષ સહિત)

સટાન્ડર્ડ સોનું	૧૬૩૦૮૦
તેજાબી સોનું	૧૬૨૯૯૦
દાગીના-૨૨ કેરેટ	૧૫૪૯૨૫
દાગીના-બીએસઆઈ હોલમાર્ક	૧૫૯૮૨૦
સોનાનાં બિસ્કીટ	૧૬૩૦૮૦૦
ચાંદી (૯૯૯)	૨૭૧૯૦૦
ચાંદી સિક્કા	૨૭૩૪૦૦

તેલ બજાર સુરત
૧૫ કિલોના ભાવ

સીંગતેલ (૧૫ કિ.)	૩૧૦૦	કોપરેલ	૫૩૫૦
સીંગતેલ (૧૫ લિ.)	૨૮૫૦	વનસ્પતિ ઘી	૨૫૯૦
સીંગતેલ (૫ લી)	૯૭૫	સનફ્લાવર	૨૬૫૦
કપાસીયા (૧૫ કિ.)	૨૬૫૦	તલતેલ	૫૧૦૦
કપાસીયા (૧૫ લિ.)	૨૪૦૦	દિવેલ	૨૪૭૦
કપાસીયા (૫ લિ.)	૮૫૦	મકાઇ તેલ	૨૬૦૦
સરસીયું તેલ	૨૮૫૦		

એન્ટ્રી-લેવલ એસ-પ્રેસોથી લઈને પ્રીમિયમ ઈનવિક્ટો સુધીના તમામ વાહનો મોંઘા થશે

મારુતિ સુઝુકી જૂનથી તમામ મોડલના ભાવમાં રૂ. 30,000 સુધીનો વધારો કરશે

નવી દિલ્હી, તા. ૨૧ (PTI) કાર માર્કેટની અગ્રણી કંપની મારુતિ સુઝુકી ઈન્ડિયાએ ગુરુવારે જણાવ્યું હતું કે, તે ફુગાવાના દબાણ અને પ્રતિકૂળ ખર્ચના વાતાવરણને ટાંકીને જૂન ૨૦૨૬થી તમામ મોડલના વાહનોની કિંમતોમાં રૂ. ૩૦,૦૦૦ સુધીનો વધારો કરશે.

કંપનીએ એક રેગ્યુલેટરી ફાઈલિંગમાં જણાવ્યું હતું કે, તેણે જૂન ૨૦૨૬થી તેના પોર્ટફોલિયોના તમામ મોડલની કિંમતોમાં રૂ. ૩૦,૦૦૦ સુધીનો વધારો કરવાનો નિર્ણય લીધો છે. કંપનીએ ઉમેર્યું હતું કે, કિંમતમાં ફેરફારની ચોક્કસ માત્રા અલગ-અલગ મોડલ પર આધારિત રહેશે.

કંપનીએ જણાવ્યું હતું કે, "છેલ્લા કેટલાક મહિનાઓથી કંપની ખર્ચ ઘટાડવાના પગલાં દ્વારા બને ત્યાં સુધી ખર્ચની અસરને ઓછી કરવા માટે સતત પ્રયાસો કરી રહી છે."

જોકે, તેણે આગળ જણાવ્યું હતું કે, "ફુગાવાનું દબાણ હવે ઊંચા સ્તરે હોવાને કારણે અને પ્રતિકૂળ ખર્ચનું વાતાવરણ યથાવત રહેવાને કારણે, કંપનીએ ગ્રાહકો પરની અસર બને તેટલી ન્યૂનતમ રહે તે સુનિશ્ચિત રાખવાની સાથે વધેલા ખર્ચનો થોડો ભાગ ગ્રાહકો પર નાખવો પડ્યો છે." મારુતિ સુઝુકી ઈન્ડિયા હાલમાં એન્ટ્રી-લેવલ એસ-પ્રેસોથી લઈને પ્રીમિયમ યુટિલિટી વ્હીકલ ઈનવિક્ટો સુધીના વાહનોની શ્રેણી વેચે છે, જેની કિંમત રૂ. ૩.૪૯ લાખથી રૂ. ૨૮.૭ લાખ (એક્સ-શોરૂમ) વચ્ચે છે.

તાજેતરમાં જ કંપનીના અધિકારીઓએ વધતા ખર્ચ, ખાસ કરીને કાચા માલને કારણે કિંમતોમાં વધારો થવાની સંભાવના અંગે સંકેત આપ્યા હતા.

આ વર્ષે જાન્યુઆરીમાં કંપની એવા ગ્રાહકો માટે પ્રાઈસ પ્રોટેક્શન સ્કીમ લાવી હતી જેમણે તેમના વાહનો બુક કરાવ્યા હતા, પરંતુ ઉત્પાદનની મર્યાદાઓને કારણે કંપની તેમને સપ્લાય કરી શકી ન હતી.

હોર્મુઝ સ્ટ્રેટમાં અવરોધથી તેલ ભંડારમાં રેકોર્ડ ઘટાડો

વિશ્વના તેલ ભંડારમાં દૈનિક ધોરણે 8.7 મિલિયન બેરલનો ઘટાડો

મુંબઈ, તા. 21: અમેરિકા અને ઈરાન વચ્ચેનું યુદ્ધ લંબાતા વૈશ્વિક કક્ષાએ ક્રૂડ અને ઈંધણના ભંડારમાં દૈનિક ધોરણે 8.7 મિલિયન બેરલનો ઘટાડો જોવા મળી રહ્યો છે. હોર્મુઝ સ્ટ્રેટ દ્વારા આવતા પુરવઠામાં વિક્ષેપને કારણે ક્રૂડના ભંડારમાંથી વપરાશ વધી રહ્યો છે. સંઘર્ષ લંબાતા આયાત કરાતા ક્રૂડમાં સતત ઘટાડો થયો છે, જેના કારણે બજારમાં ભવિષ્યની ઉપલબ્ધતા અંગે ચિંતાનું વાતાવરણ જોવા મળી રહ્યું છે. યુ.એસ. ક્રૂડ ઈન્વેન્ટરીમાં પણ વધતી નિકાસને કારણે સ્થાનિક પુરવઠાની મર્યાદામાં ઘટાડો થવા લાગ્યો હોવાથી, સ્ટ્રેટેજિક રિઝર્વ સહિત યુ.એસ. ક્રૂડ ઈન્વેન્ટરીમાં રેકોર્ડ ઘટાડો થયો છે. યુ.એસ. એનર્જી ઈન્ફર્મેશન એડમિનિસ્ટ્રેશનના ડેટા અનુસાર, 17.8 મિલિયન બેરલના ઘટાડાથી ક્રૂડ ઈન્વેન્ટરી લગભગ એક વર્ષમાં સૌથી નીચા સ્તરે પહોચી છે. સ્ટ્રેટેજિક રિઝર્વને બાદ કરતાં, ગયા અઠવાડિયે દેશવ્યાપી પેટ્રોલિયમ સ્ટોકમાં લગભગ 90 લાખ બેરલનો ઘટાડો થયો છે. ઈરાનમાં યુદ્ધને કારણે એશિયા અને યુરોપના ટોચના ખરીદદારો મધ્ય પૂર્વીય બેરલ સુધી ન પહોંચી શકવાથી અમેરિકા વિશ્વના મુખ્ય સપ્લાયર તરીકે ઉભરી આવ્યું છે. ગુરુવારે બ્રેન્ટ ક્રૂડ $106 પ્રતિ બેરલની નજીક ટ્રેડ થઈ રહ્યું હતું. આ વર્ષે કિંમતો 70% થી વધુ છે, જોકે હજુ પણ યુદ્ધના સમયે પહોંચેલા $126 થી ઉપર છે.

NPA ઝીરો થતાં જ સમ્માન કેપિટલનો શેર 'રોકેટ' બન્યો

જોગવાઈઓને કારણે કંપનીને રૂ.૮,૧૦૧ કરોડની રેકોર્ડ ખોટ

ઇન્ટ્રાડેમાં ૧૨%નો ઉછાળો

નવી દિલ્હી, તા. 21: સમ્માન કેપિટલના શેરમાં ખરીદીનું વલણ એટલું મજબૂત જોવા મળ્યું હતું કે પ્રારંભિક ટ્રેડિંગમાં જ તે લગભગ 12 ટકાનો ઉછાળો ભર્યો હતો. માર્ચ 2026 ક્વાર્ટરના પરિણામો જાહેર થયા છે, જેમાં પોતાની બેલેન્સશીટને એવી રીતે સાફ કરી છે કે જ્યારે એનપીએ શૂન્ય થઇ ગયું ત્યારે શેરને બુસ્ટ મળ્યો અને રોકેટ બની ગયો હતો. છેલ્લા નાણાકીય વર્ષ 2026 જાન્યુઆરી-માર્ચ 2026નો છેલ્લો ક્વાર્ટર મોર્ગેજ કેન્દ્રિત સમ્માન કેપિટલ માટે એનપીએ મોરચે ધમાકો હતો. આઈએચસીના રોકાણનો ઉપયોગ કંપની દ્વારા જુના તણાવપુર્ણ લોન પોર્ટફોલિયોને લેખન અને જોગવાઈ કરવા માટે કરવામાં આવ્યો હતો. જેના કારણે માર્ચ ક્વાર્ટરના અંતે કંપનીનો ગ્રોસ અને નેટ એનપીએ ઘટીને શૂન્ય થઇ ગયો હતો. આને કારણે કંપનીને ભારે નુકશાન સહન કરવું પડ્યું હતું અ વાર્ષઈક ધોરણે તે રૂ. 324.04 કરોડની ખોટથી ઘટીને રૂ. 8101.40 કરોડની એકીકૃત ખોટમાં આવી ગઇ હતી.

ચાંદીમાં રૂ. ૫,૦૦૦નો તોતિંગ ઉછાળો

નવી દિલ્હી, તા. ૨૧ (પીટીઆઈ): અમેરિકા-ઈરાન વચ્ચેની તંગદિલી અને વૈશ્વિક ક્રૂડ ઓઈલના ઊંચા ભાવને કારણે ફુગાવાનું દબાણ વધતાં વેપારીઓ સાવધાનીપૂર્વક આશાવાદ રાખતા ગુરુવારે હાજર બજારોમાં સોના અને ચાંદીના ભાવમાં ઉછાળો જોવા મળ્યો હતો.

સ્થાનિક બજારના વેપારીઓના જણાવ્યા અનુસાર, દિલ્હીના હાજર બજારમાં ૯૯.૯ ટકા શુદ્ધતા ધરાવતું સોનું સતત ત્રીજા સત્રમાં વધ્યું હતું, જે રૂ. ૬૦૦ વધીને રૂ. ૧,૬૫,૫૦૦ પ્રતિ ૧૦ ગ્રામ (તમામ વેરા સહિત) થયું હતું.

કેન્દ્ર સરકારે ગયા સપ્તાહે કિંમતી ધાતુઓ પર આયાત ડ્યુટી વધારીને ૧૫ ટકા કર્યા બાદ આ કિંમતી ધાતુમાં ઉતાર-ચઢાવ જોવા મળી રહ્યો છે. કિંમતી ધાતુઓ પર આયાત ડ્યુટીમાં વધારાની જાહેરાત બાદ સોનાના ભાવ એક જ દિવસમાં રૂ. ૮,૫૫૦ ઉછળીને રૂ. ૧,૬૫,૩૫૦ પ્રતિ ૧૦ ગ્રામ થયા હતા. ગયા સપ્તાહના બુધવારે ડ્યુટી વધારવામાં આવી ત્યારથી અત્યાર સુધીના સત્રોમાં કિંમતી ધાતુમાં વધ-ઘટ જોવા મળી છે, જેમાં કુલ રૂ. ૧૫૦નો ઉમેરો થયો છે.

એચડીએફસી સિક્યોરિટીઝના સિનિયર એનાલિસ્ટ - કોમોડિટીઝ, સૌમિલ ગાંધીએ જણાવ્યું હતું કે, "તાજેતરના નીચલા સ્તરેથી રિકવરી બાદ ગુરુવારે સોનામાં મજબૂતી જોવા મળી હતી, જેને અમેરિકા-ઈરાન રાજદ્વારી પ્રયાસોની આસપાસ વધતા આશાવાદથી ટેકો મળ્યો હતો, જેણે બુલિયન માર્કેટમાં સેન્ટિમેન્ટ પર સકારાત્મક અસર કરી હતી."

ગાંધીએ ઉમેર્યું હતું કે, અમેરિકા અને ઈરાન વચ્ચેની વાટાઘાટો મધ્ય પૂર્વમાં ભૌગોલિક રાજકીય તણાવને હળવો કરવામાં મદદ કરી શકે છે તેવી આશાઓ વધતાં રોકાણકારોનો આત્મવિશ્વાસ વધ્યો છે.

તાજેતરના તીવ્ર કરેક્શન બાદ રોકાણકારો વ્હાઈટ મેટલ (ચાંદી) તરફ પાછા ફરતા ચાંદીના ભાવ પણ સતત બે દિવસના ઘટાડાને અટકાવીને રૂ. ૫,૦૦૦ ઉછળીને રૂ. ૨,૭૧,૦૦૦ પ્રતિ કિલો પર પહોંચ્યા હોવાનું બજારના જાણકારોએ જણાવ્યું હતું.

યાર્ન બજાર સુરત (GST સાથેના ભાવ) — **નરેશ / મુકેશ ઘીવાળા ૩૫૧૬૪૪૬ - ૨૫૯૯૯૭૪**

પ્રફુલ/સાલાસર/કેપલોન	**રૂા.**	૭૫/૩૬ ''	૧૩૨	-----	---
૩૦/૨૪ બ્રાઇટ	૨૬૪.૫	૫૦/૩૬ ''	૧૪૪	૮૦/૭૨ બ્લેક રોટો	૧૪૩
૩૦/૩૬ એફડી	૨૭૨	૫૦/૪૮ SD/ક્રેપ	૨૩૦	**ગાર્ડન**	
લોકલ		**RIL રિલાયન્સ**		૪૯/૨૪ એફડીવાય	૧૩૭
૬૨/૩૬ ક્રિમ્પ	૧૪૧	૯૦/૩૬ ક્રિમ્પ	૧૩૫	૩૦/૧૪ ક્રિમ્પ	૧૪૨
૬૮/૩૬	૧૪૦	૧૧૪.૧૩ રોટો	---	૬૨ ક્રિમ્પ	૧૪૪
૭૨/૩૬ ક્રિમ્પ	૧૩૮	૧૦૦ ટેક્ષ	૧૩૪	૬૮ ક્રિમ્પ	૧૪૧
૯૦/૩૬ ક્રિમ્પ	૧૩૩	**વેલનોન** (જીએસટી સાથે)		૭૨ ક્રિમ્પ	૧૩૯
૮૪/૪૮ ક્રિમ્પ	૧૩૪	૮૦/૭૨ રોટો	૧૩૮.૫	૭૫ ક્રિમ્પ	૧૩૮
૩૦/૧૪ ક્રિમ્પ		૮૦/૭૨ ફોલ્ડર	૧૪૯	૮૦ ક્રિમ્પ	૧૩૫
૮૦/૭૨ રોટો.	૧૩૬.૫	૧૬૦ ડીસ્કેટ	૧૪૯	૮૦/૭૨ રોટો	૧૩૮
૮૦/૩૬ રોટો.	૧૩૭.૫	---	---	૩૦/૨૪ બ્રાઇટ	---
૧૫૦/૪૮બ્રાઇટ	૧૨૯	૮૦/૧૦૮ ''	૧૩૬	૩૦/૩૬ એફડી	---
				TPM	૧૩૭